# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-09-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Sunday** **National News**

## આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઝારખંડ, ગુજરાત અને ઓડિશાના પ્રવાસે - આજે ઝાંરખંડમાં 6 વંદે ભારત ટ્રેનનો પ્રારંભ કરાવશે
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સુરક્ષા નીતિ માટે નવા પડકારોની ઓળખ કરવા પર ભાર મૂક્યો
- કોલકાતામાં મુખ્યમંત્રી મમતા બેનર્જી અને પ્રદર્શનકારી તબીબો વચ્ચેની વધુ એક બેઠક પાછી ઠેલાઈ-જોકે ચર્ચા કરવા પરબંને પક્ષો વચ્ચે સહમતી
- દૂરદર્શન આજે તેનો 65મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે
- નિરજ ચોપડાએ ડાયમંડ લીગમાં રજત ચંદ્રક જીત્યો
- અને કેરળ સહિત વિશ્વભરમાં આજે ઓણમની ઉલ્લાસભેર ઉજવણી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM---JHARKHAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઝારખંડના જમશેદપુરમાં છ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. તેમાં ટાટાનગર-પટના, વારાણસી-દેવઘર, ટાટાનગર-બ્રહ્મપુર, હાવડા-ધનબાદ-ગયા, હાવડા-દુમકા-ભાગલપુર અને હાવડા-ટાટાનગર-રૌરકેલા વંદે ભારત એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

ટાટાનગર રેલ્વે સ્ટેશન પર આયોજિત એક ભવ્ય સમારોહમાં આ ટ્રેનોનું ઉદઘાટન કરવામાં આવશે. આ ટ્રેનોનો ઉદ્દેશ્ય ઝારખંડ અને પડોશી રાજ્યોમાં સંપર્ક અને સુવિધાને પ્રોત્સાહન આપવાનો છે. પ્રાદેશિક માળખામાં સુધારો કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાને વ્યક્ત કરતાં ઝારખંડમાં કેટલાંક મોટા રેલવે પ્રોજેક્ટ્સનું પણ આ કાર્યક્રમમાં અનાવરણ કરવામાં આવશે.

આ દરમિયાન પ્રધાનમંત્રી મોદી આજે જમશેદપુરના ગોપાલ મેદાનમાં જનસભાને સંબોધશે. જાહેર સભા પહેલા તેઓ વોલ્ટાસ રાઉન્ડ અબાઉટથી ગોપાલ મેદાન સુધી દોઢ કિલોમીટર લાંબો રોડ શો કરશે.

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતની મુલાકાતે આવશે. બપોર બાદ તેઓ  અમદાવાદ પહોંચશે. તેઓ અમદાવાદ એરપોર્ટ પરથી ગાંધીનગર ખાતે રાજભવન જશે. પ્રધાનમંત્રી 16 તારીખે  સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો ,રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે.

પ્રધાનમંત્રી બપોરે 1 વાગીને 45 મિનિટે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે અને સેક્શન 1 મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રી રોકાણ કરીને  17 તારીખે સવારે ઓડિશા જવા રવાના થશે.

# AMIT SHAH

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આંતકવાદને પાર પાડવા માટે રાષ્ટ્રીય તપાસ સંસ્થા – NIA અને આંતકવાદ નિરોધી દળ - ATS વચ્ચે વધુ સંકલનની જરૂર છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સુરક્ષા કાર્યનીતિ સંમેલનમાં સંબોધન કરતા તેમણે રાજ્યોના પોલીસ મહાનિદેશકોને અપીલ કરી કે તેઓ વર્ષ 2047 સુધી ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને પૂર્ણ કરવાની દિશામાં કામ કરે.

શ્રી શાહે નક્સલવાદીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં મળેલી સફળતા પર સંતોષ વ્યક્ત કર્યો. વધુમાં ગૃહમંત્રીએ જણાવ્યું કે જમ્મૂ અને કાશ્મીર, ડાબેરી ઉગ્રવાદ અને પૂર્વોત્તર સહિત રાષ્ટ્રીય સુરક્ષાના ઘણા જૂના મુદ્દાઓને ઉકેલવામાં ઘણે અંશે સફળતા મળી છે. અને હવે રાષ્ટ્રીય સુરક્ષાના નવા પડકારોની ઓળખ કરવાની જરૂર છે. જેમાં નશીલા પદાર્થોનો વેપાર, ગેરકાયદેસર ડ્રોન અને ઓનલાઇન છેતરપિંડી સામેલ છે.

# MAMTA MEET

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને પ્રદર્શનકારી જૂનિયર ડૉક્ટરો વચ્ચે ગઈકાલે કોલકાતામાં થનારી બેઠક શક્ય ન બની, જોકે બંને પક્ષો ચર્ચા માટે સહમત થયા હતા. પ્રદર્શનકારી ડૉક્ટર્સ ગઈકાલે મુખ્યમંત્રીના આગ્રહ પર તેમને મળવા માટે સીએમ નિવાસે પહોંચ્યા હતા. જોકે બેઠકના લાઇવ સ્ટ્રીમિંગની માગને કારણે બેઠક શરૂ ન થઈ શકી. જોકે બાદમાં રાતે ૭ વાગે પ્રદર્શનકારી ડૉક્ટર્સ વીડિયોગ્રાફીની શરત વિના ચર્ચા માટે સહમત થયા હતા. તેઓ માત્ર એટલું ઇચ્છતા હતા કે બેઠકના મિનિટ્સ પર બંને પક્ષોના હસ્તાક્ષર થાય. જોકે આરોગ્ય મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે હવે ઘણું મોડું થઈ ગયું છે. તેઓ ત્રણ કલાકની રાહ જોઈ ચૂક્યા છે અને હવે ચર્ચા કરવાની સ્થિતિમાં નથી. જે બાદ ડોક્ટર્સને પાછા જવા માટે કહેવાયું, જેને પગલે તેઓ નિરાશ થયા હતા.

દરમિયાન પોલીસે આજે આરોગ્ય વિભાગ બહાર પ્રદર્શનકારી જૂનિયર ડોક્ટર્સ પર હુમલાના આરોપોમાં ડાબેરી નેતા કલાટન દાસ ગુપ્તા સહિત બે લોકોની ધરપક ડકરી છે. ટીએમસી નેતા કુણાલ ઘોષ દ્વારા એક ફોન કૉલની ઑડિયોક્લિપ જાહેર કર્યા બાદ આ ધરપકડ કરાઈ હતી. તેમનો દાવો છે કે ડૉક્ટર્સ પર હુમલો કરીને મમતા બેનર્જી સરકારને બદનામ કરવાનું કાવતરું ઘડાયું હતું.

# SANDEEP GHOSH CBI

સીબીઆઈએ મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાના કેસમાં આર. જી કર મેડિકલ કૉલેજના પૂર્વ આચાર્ય સંદીપ ઘોષ અને તલા સ્ટેશનના પૂર્વ ઇન્ચાર્જ અભિજીત મંડળની ધરપકડ કરી છે. પૂરવાઓ સાથે ચેંડા અને તપાસને ગેરમાર્ગે દોરવાના આરોપોસર આ પોલીસ અધિકારીની ધરપકડ કરાઈ છે.

સીબીઆઈએ કોલકાતાના બે અન્ય પોલીસ અધિકારીઓની તપાસ કરી રહી છે. આરોપ છે કે સંદીપ ઘોષે FIR દાખલ કરાવવામાં વિલંબ કર્યો, 9 ઓગસ્ટના રોજ મહિલા તબીબનો મૃતદેહ મળ્યાના 12 કલાક બાદ FIR દાખલ કરાઈ હતી. આ પહેલા સીબીઆઈએ ઘોષને નાણાકીય ગેરરીતિઓ મામલે અટકાયતમાં લીધા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# GOVT---ONION

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કહ્યું છે કે સરકાર ગ્રાહકોને પોષણક્ષમ ભાવે ડુંગળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે જથ્થાબંધ વ્યૂહરચના અપનાવી રહી છે. મંત્રાલયે કહ્યું કે માંગ-પુરવઠાની સ્થિતિ અને ભાવના વલણોના આધારે ડુંગળીનો લક્ષ્યાંકિત અને સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે મળીને કામ કરી રહી છે. સરકારનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે દેશભરના દરેક ઘર સુધી પોસાય તેવી ડુંગળી પહોંચે. મંત્રાલયે કહ્યું કે સરકાર ડુંગળીના ભાવ પર નજર રાખવા માટે પ્રતિબદ્ધ છે.

મંત્રાલયે કહ્યું કે રાહત દરે ડુંગળીના છૂટક વેચાણ પર કેન્દ્રની પહેલ તેની કિંમતમાં ઘટાડો દર્શાવે છે. આ મહિનાની 5મી તારીખે મોબાઈલ વાન પર 35 રૂપિયા પ્રતિ કિલોના રાહત દરે ડુંગળીનું છૂટક વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. દિલ્હી, મુંબઈ અને ચેન્નાઈ જેવા મોટા શહેરોમાં જથ્થાબંધ વેચાણ શરૂ થઈ ચૂક્યું છે અને આગામી દિવસોમાં હૈદરાબાદ, બેંગલુરુ અને કોલકાતા સહિત તમામ રાજ્યની રાજધાનીઓમાં તેનો વિસ્તાર કરવામાં આવશે.

# IMD-RAINFALL.RTF

હવામાન વિભાગએ આજે છત્તીસગઢ અને ઝારખંડના કેટલાક વિસ્તારો અને પૂર્વ મધ્યપ્રદેશ માટે અતિ ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. બિહાર અને ઓડિશામાં પણ આજે ભારે વરસાદની સંભાવના છે.

આ ઉપરાંત, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે. ગંગા પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના પર હવાનું હળવું દબાણ પશ્ચિમ તરફ આગળવધે તેવી શક્યતા છે. માછીમારોને ઉત્તર બંગાળની ખાડીમાં અને પશ્ચિમ બંગાળ તથા ઓડિશાના દરિયાકાંઠે આવતીકાલ સવાર સુધી માછીમારી માટે નહીં જવાની ચેતવણી આપી છે.

# UP RAIN

ભારે વરસાદને પગલે ઉત્તરપ્રદેશમાં ગંગા, યમૂના, ઘાઘરા, શારદા, કેન અને ચંબલ નદીઓ જોખમી નિશાનથી ઉપર વહી રહી છે. જેમાં બદાયૂંમાં ગંગા, બાંદામાં કેન અને ધૌલપુરમાં ચંબલ નદીં જોખમી નિશાનથી ઉપર વહી રહી છે. ફરૂખાબાદમાં ગંગા, લખીમપુરમાં શારદા અને બલરામપુરમાં રાપતી નદી જોખમી નિશાનથી માત્ર અડધો મીટર નીચે છે.

અમરોહા જિલ્લામાં ગંગા નદી, બિજનૌરથી છોડાયેલા પાણીને કારણે તોફાની બની છે. તો પ્રયાગરાજમાં ગંગા-યમૂનાનું સ્તર સતત વધી રહ્યું છે. સંગમ તટે જળ સ્તર વધતા અસરગ્રસ્ત ઘાટો પર પોલીસ દળો તૈનાત કરાયા છે. ઉત્તર પ્રદેશમાં 11 જેટલા જિલ્લાઓમાં અનેક ગામો પૂરથી અસરગ્રસ્ત છે. અહીં એનડીઆરએફ અને એસડીઆરએફ અને પીએસીની ટીમો તૈનાત કરાઈ છે.

# DOORDARSHAN

દૂરદર્શન આજે તેનો 65મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. આજના દિવસે 1959ના રોજ દેશમાં ટેલિવીઝન પ્રસારણનો પ્રારંભ થયો હતો. તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેના પ્રથમ પ્રસારણનું ઉદ્ઘઘાટન કર્યું હતું. વિશાળ નેટવર્ક દ્વારા દૂરદર્શન આજે દેશનું સૌથી મોટું પ્રસારક છે, જેની પહોંચ લાખો ગ્રામીણ દર્શકો સુધી છે.

દૂરદર્શનની છ રાષ્ટ્રીય અને 22 પ્રાદેશિક ચેનલો પરથી 24 કલાક પ્રસારણ થાય છે. દૂરદર્શનની એક આંતરરાષ્ટ્રીય ચેનલ પણ છે. દૂરદર્શન વિના મૂલ્યે ડીટીએચ સેવા પણ ઉપલબ્ધ કરાવે છે. રામાયણ, મહાભારત, હમલોગ, બુનિયાદ, માલગુડી ડેઝ અને ઉડાન તેના લોકપ્રિય કાર્યક્રમોમાં સામેલ છે.

# NIRAJCHOPRA

ઓલિમ્પિક વિજેતા નીરજ ચોપડાએ ડાયમંગ લીગમાં રજત ચંદ્રક જીત્યો છે. ગઈકાલે બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સમાં નીરજે 87.86 મીટરનો થ્રો કર્યો હતો, જે તેમનો સર્વશ્રેષ્ઠ થ્રો હતો. તેઓ માત્ર 1 સેન્ટિમિટરના અંતરથી સુવર્ણ ચંદ્રક ચૂકી ગયા.

પેરિસ ઑલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક વિજેતા અંડરસન પીટર્સે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. જર્મનીના જૂલિયન વેબર ત્રીજા સ્થાને રહ્યા હતા. આ સતત ત્રીજી વાર છે જ્યારે નીરજ ચોપડા ડાયમંગ લીગમાં ચંદ્રક જીત્યા છે.

# KERALA ONAM

કેરળ આજે થિરુનમની ઉજવણી કરી રહ્યું છે, જે રાજ્યના સૌથી મોટા સાંસ્કૃતિક તહેવાર ઓણમનો સૌથી શુભ દિવસ છે. વિશ્વભરમાં કેરાલિયન લોકો આ તહેવારની ઉલ્લાસભેર ઉજવણી કરી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ ઓણમના પર્વ પર નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. શુભેચ્છા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું છે કે ઓણમ કેરળની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને પરંપરાઓની ઉજવણીનો અવસર છે. તેમણે એવા ખેડુતોનો પણ આભાર વ્યક્ત કર્યો કે જેઓ રાષ્ટ્રની ખોરાકની જરૂરિયાત પૂર્ણ કરવા માટે અથાગ મહેનત કરે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું છે કે સમૃદ્ધિનું આ પર્વ લોકોને સામાજિક સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો પર એક નજર

- જમ્મુના ડોડામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણી સભા સંબોધી એ સમાચાર મોટા ભાગના તમામ અખબારોએ પહેલા પાના પર લીધા છે.
- પ્રધાનમંત્રીના નિવેદનને ટાંકીને ગુજરાત સમાચાર લખે છે, જમ્મુ-કાશ્મીરમાં આતંકનો અંત હાથવેંતમાં. તો "કાશ્મીરને ત્રણ પરિવારોએ બરબાદ કર્યું" એ સંદેશનું મુખ્ય શીર્ષક છે. જ્યારે નવગુજરાત સમય લખે છે, હું છું ત્યાં સુધી અનામત ચાલુ રહેવાની ગેરન્ટી, અને "કાશ્મીરમાં આતંકવાદ અંતિમ શ્વાસ ગણે છે" આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે.
- વરિષ્ઠ વકીલ હરિશ સાલવેના નિવેદનને ટાંકીને સંદેશ લખે છે, વિનેશ ફોગાટ C.A.S.ના નિર્ણયને પડકારવા માગતી નહોતી.
- "બે દિવસમાં સોનાના ભાવમાં રૂ. 2,300નો વધારો" એ દિવ્ય ભાસ્કરનું મુખ્ય શીર્ષક છે.
- ફૂલછાબ લખે છે, કાશ્મીરમાં 2 જવાન શહીદ, 5 આતંકી ઠાર.
- એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીઃ ભારતે પાકિસ્તાનને 2-1થી હરાવ્યું આ સમાચાર દિવ્ય ભાસ્કરે તસવીર સાથે પહેલા પાના પર લીધા છે.

.................